નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/ ૯૨
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૮/૦૪/૨૦૧૭

## // સ્પષ્ટતા પરિપત્ર //

**વિષયઃ–** **નિગમની વિવિધ વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક / વાણિજય / રહેણાંક મિલ્કતની પેટા વિભાજનની નીતિમાં સત્તાની સ્પષ્ટતા થવા બાબત.**

સંદર્ભઃ– (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૧(૧૦)/૪૩, તા.૦૩.૧૦.૨૦૧૨

(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૪૪, તા.૦૮.૦૬.૨૦૧૬

(૩) નિગમના સત્તા સોંપણીના પરિપત્રઃ GIDC/Post-Alt/ Delegation/ Corrigendum / 61 dtd.20.12.2016.

નિગમ ધ્વારા સંદર્ભદર્શિત પરિપત્ર–૧ ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/ વિતરણ/પોલીસી/ ૧(૧૦)/૪૩, તા.૦૩.૧૦.૨૦૧૨ થી ઔદ્યોગિક / વાણિજય / રહેણાંક મિલ્કતોના પેટા વિભાજનની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. ત્યારબાદ નિગમ ધ્વારા સંદર્ભદર્શિત પરિપત્ર–૨ ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૪૪, તા.૦૮.૦૬.૨૦૧૬ થી ઔદ્યોગિક મિલ્કતો માટે પેટા વિભાજનની અલાયદી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. જયારે વાણિજય અને રહેણાંક મિલ્કતનો માટે તારીખઃ૦૩.૧૦.૨૦૧૨ ની નીતિ યથાવત રાખવામાં આવેલ છે. ત્યારબાદ નિગમ ધ્વારા સત્તા સોંપણી બાબતે સંદર્ભદર્શિત પરિપત્ર–૩ ક્રમાંકઃ GIDC / Post-Alt/ Delegation/ Corrigendum / 61 dtd.20.12.2016 થી સત્તાની સોંપણીમાં જરૂરી સુધારો કરવામાં આવેલ છે. પરંતુ સદર પરિપત્રોમાં પેટા વિભાજનના અપવાદરૂપ કિસ્સાઓમાં "ના વાધાં પ્રમાણપત્ર" આપવાની કે પેટા વિભાજન મંજુર કરવાની સત્તાની સ્પષ્ટતા થતી ન હોઈ, સ્પષ્ટતા થવી જરૂરી જણાતા નીચે મુજબની સ્પષ્ટતા જારી કરવામાં આવે છે.

| અ.નં. | મિલ્કતનો પ્રકાર | સત્તા |
|---|---|---|
| ૧ | ઔદ્યોગિક મિલ્કત | **અ. વિભાગીય પ્રબંધકશ્રીની સત્તાઃ–**<br>પ્લોટના પાંચ સુધી પેટા વિભાજનના સામાન્ય તેમજ અપવાદરૂપ કિસ્સાઓમાં "ના વાંધા પ્રમાણપત્ર" આપવાની તેમજ પેટા વિભાજનની મંજુરી આપવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રી હસ્તક રહેશે.<br>**બ. માન. ઉપા. અને વ.સં.શ્રીની સત્તાઃ–**<br>પ્લોટના પાંચથી વધુ પેટા વિભાજનના સામાન્ય તેમજ અપવાદરૂપ કિસ્સાઓમાં "ના વાંધા પ્રમાણપત્ર" આપવાની તેમજ પેટા વિભાજનની મંજુરી આપવાની સત્તા માન. ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે. |

| | | |
|---|---|---|
| ૨ | વાણિજય / રહેણાંક મિલ્કત | **માન. ઉપા. અને વ.સં.શ્રીની સત્તાઃ–**<br><br>પ્લોટના પેટા વિભાજનના સામાન્ય તેમજ અપવાદરૂપ એમ તમામ કિસ્સાઓમાં "ના વાંધા પ્રમાણપત્ર" આપવાની તેમજ પેટા વિભાજનની મંજુરી આપવાની સત્તા માન. ઉપા. અને વ.સં.શ્રી હસ્તક રહેશે. |

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

– સહી –
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**
**જીઆઈડીસી, ગાંધીનગર**

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જનરલ મેનેજરશ્રી ગ્રેડ–૧ (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**